પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

Date : 13-07-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

અમિત શાહ આજે NFSU ખાતે DFEG મીટિંગનું ઉદ્ઘાટન કરશે

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજે ગાંધીનગરમાં નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી- N.F.S.U ખાતે, 11મી ઇન્ટરપોલ ડિજિટલ ફોરેન્સિક એક્સપર્ટ ગ્રુપ DFEG મીટિંગનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે 47 દેશોના પ્રતિનિધિ, કાયદા અમલીકરણ એજન્સીઓના વરિષ્ઠ અધિકારીઓ પણ હાજરી આપશે.

કેન્દ્રીય ગૃહમંત્રી ત્રણ સેન્ટર ઓફ એક્સેલન્સ, એશિયાની પ્રથમ 'સાયબર ફોરેન્સિક ઇન્વેસ્ટિગેશન વાન' અને વૈશ્વિક પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કરશે. આ પ્રદર્શનમાં 30 થી વધુ બહુરાષ્ટ્રીય કંપનીઓ પોતાની નવી ટેક્નોલોજી અને સાધનો પ્રદર્શિત કરશે. શ્રી શાહ 'AI-સક્ષમ ડિજિટલ ફોરેન્સિક ઇન્વેસ્ટિગેશન' વિષય પર પ્રથમ આંતરરાષ્ટ્રીય તપાસકર્તા સ્પર્ધા અને શિખર સંમેલનનું પણ ઉદ્ઘાટન કરશે.

અમદાવાદ ખાતે વૃક્ષારોપણનો વર્લ્ડ રેકોર્ડ

પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ભવિષ્યના સંકલ્પને સાકાર કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગઇકાલે ભાડજ ખાતે આયોજિત મહાઅભિયાનમાં મિયાવાકી પદ્ધતિથી એક જ કલાકમાં 3.61 લાખ વૃક્ષોનું વૃક્ષારોપણ કરીને ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપવામાં આવ્યો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નેતૃત્વમાં ગઈકાલે યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત આશરે 91,006 ચોરસ મીટર વિસ્તારમાં યોજાયેલા આ અભિયાનમાં 25,000થી વધુ સ્વંયસેવકો ઉત્સાહપૂર્વક જોડાતા વિશ્વવિક્રમ સર્જાયો છે. કેન્દ્રીય ગૃહ તેમજ સહકારિતા મંત્રી અમિત શાહે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં મિયાવાકી પદ્ધતિ અંતર્ગત એક કલાકમાં 3.61 લાખથી વધુ વૃક્ષારોપણનો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવવા બદલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, તમામ સ્વયંસેવકો તેમજ વિસ્તારના રહેવાસીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા.

વાણિજ્યિક જહાજ પર ઓમાનના દરિયાકાંઠે હુમલાની ભારતે ટીકા કરી

ભારતે ગઇકાલે ઓમાનના દરિયાકાંઠે વાણિજ્યિક જહાજ GFS ગેલેક્સી પર થયેલા હુમલાની સખત ટીકા કરી છે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે જહાજ પર સવાર 11 ભારતીયોમાંથી 10 ને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા છે, જ્યારે એક ભારતીય ગુમ છે. ઓમાનમાં ભારતીય દૂતાવાસ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે. રાહત અને બચાવ કામગીરીમાં ઓમાનના અધિકારીઓ સાથે સંકલન કરી રહ્યા છે. ભારતે આ સહાય માટે ઓમાન સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે આ ક્ષેત્રમાં વાણિજ્યિક જહાજો અને નાગરિક માળખાગત સુવિધાઓને નિશાન બનાવવાનું બંધ કરવું જોઈએ અને આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગો પર અવરોધ વિનાનું નેવિગેશન અને વેપાર શક્ય તેટલી વહેલી તકે પુનઃસ્થાપિત કરવો જોઈએ.

કપાસ ક્રાંતિ મિશન

દેશમાં કપાસનું ઉત્પાદન વધારીને તેની આયાત ઘટાડવા અને ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2026-27 થી 2030-31ના સમયગાળા માટે “મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી” (કપાસ ક્રાંતિ મિશન) અમલમાં મૂકવામાં આવ્યું છે. આ મિશન હેઠળ આગામી પાંચ વર્ષ કપાસની ખેતી કરતા ખેડૂતોને આધુનિક ખેત પદ્ધતિઓ અપનાવવા માટે ઈનપુટ સહાય આપવામાં આવશે.

દેશના કુલ કપાસ ઉત્પાદનમાં મહત્તમ ફાળા સાથે ગુજરાત હંમેશા અગ્રીમ હરોળમાં રહ્યું છે ત્યારે આધુનિક ખેત પદ્ધતિઓના સહારે રાજ્યમાં કપાસના વાવેતરને હજુ પણ વધારવા માટે ચાલુ વર્ષે ‘મિશન ફોર કોટન પ્રોડક્ટિવિટી’ હેઠળ રાજ્યને રૂ. 134.80 કરોડનું બજેટ મંજૂર કરવામાં આવ્યું છે.

આ મિશન હેઠળ રાજ્યમાં કપાસનું વાવેતર ધરાવતા 21 જિલ્લાના એક લાખ હેક્ટરથી વધુ વિસ્તારને આવરી લેવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે.

કચ્છ જિલ્લામાં ગત વર્ષે 77,760 હેક્ટરમાં ખેડૂતોએ કપાસનું વાવેતર કર્યું હતું. આ વર્ષે કચ્છમાં વરસાદ ખેચાતા હજુ સુધી 48 હજારથી વધુ હેક્ટરમાં જ વાવેતર શક્ય બન્યું છે.

સરકારની આ યોજનાનો લાભ લેવા માટે આઈ-ખેડૂત (i-Khedut) પોર્ટલ પર ઓનલાઇન અરજી પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

જિલ્લામાં કન્ટીજન્સી પ્લાન

જિલ્લામાં વરસાદ ખેંચાતા ખેતી અને પશુપાલન ક્ષેત્રની સ્થિતિ વચ્ચે જો આ માસના અંત સુધી વાવણીલાયક વરસાદ નહીં પડે તો કૃષિ કન્ટીજન્સી પ્લાન

અમલમાં મૂકી પાક વાવવાની પેટર્ન એટલે કે પદ્ધતિમાં બદલાવ કરવા માટેનો તખ્તો વહીવટી તંત્ર દ્વારા ઘડવામાં આવી રહ્યો છે. સુપર અલનીનોના પ્રભાવથી સર્વાધિક જોખમવાળા વિસ્તારમાં કચ્છનો સમાવેશ કરાયો છે તે બાબતે ધ્યાનમાં લઇ ખાસ કન્ટીજન્સી પ્લાન ઘડવાની સૂચના અપાઇ છે. વર્તમાન સ્થિતિને જોતા કૃષિ નિષ્ણાતો દ્વારા ઓછા વરસાદમાં વાવી શકાય તેવા પાકોનું વાવેતર કરવા પર ધ્યાન કેન્દ્રીત કરવાની સૂચના અપાઇ છે. લીલા અને સૂકા ચારાની તંગીને હળવી બનાવવા મકાઇ, જુવાર જેવા પાકોનું વધુ વાવેતર થાય તેવા પ્રયાસો હાથ ધરાયા છે.

હવામાન

રાજ્યમાં આગામી 7 દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હાલમાં સક્રિય મોનસૂન ટ્રફ અને પશ્ચિમી વિક્ષોભની અસરને કારણે છૂટાછવાયા સ્થળોએ વરસાદ પડી શકે છે. ખરાબ હવામાન અને ભારે પવનને ધ્યાનમાં રાખીને આગામી 3 દિવસ સુધી માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.